# જહર-એ-આમ

## શા માટે?

: રજુકર્તા :

હઝરત સૈયદ ગાઝીમિયાં સાહેબ - પાલનપુર

બિસ્મિલ્લા હીર્રહ્મા નિર્રહીમ

# બહર-એ-આમ... શા માટે?

કહેવત છે કે, " જ્ઞાન વિના ક્રિયા (અમલ) અંધ ! અને ક્રિયા વિના જ્ઞાન પાંગળો !!! " માટે " બહર-એ-આમ" ના "ફક્ત કેલેન્ડર" ના માત્ર યંત્રવત ઉપયોગને બદલે તે વિશે કંઈક જાણીને જ એ પવિત્ર મજલિસ માં જઈએ—એ તે નૂરૂન અલા નૂર ! આશા છે કે ઈન્શા-અલ્લાહ આ હેતુ અનુસાર પ્રસ્તુત કોલમ વાંચવું ગમશે :

અલ્લાહ ના રસૂલ (સ.અ.વ.) ના બાળપણમાં કાબાના બાંધકામ વખતે હુઝુર (સ.અ.વ.) સૌની સાથે, માથે પથ્થર ઉપાડી મદદ કરતાં. "મસ્જિદે કુબા" તથા "મસ્જિદે નબવી" ની તાઅમીર તેમજ 'અહઝાબના યુદ્ધ' ટાણે 'ખન્દક' ખોદવા વિગેરેમાં પણ સહાબા (રઝી.)ની 'ઈજતિમા' સાથે સમાન પ્રવૃતિ કરતા હતાં. એકવાર મુસાફરી દરમ્યાન રસોઈ કરવાની હતી, સહાબા (રઝી.)એ કામ વહેંચી લીધું; તો હુઝુર (સ.અ.વ.)એ ફરમાવ્યું : 'હું જંગલમાંથી લાકડાં લઈ આવીશ.' સહાબા (રઝી.)એ અરજ કરી, 'અમે સેવકો....બધું જ કરી લઈશું.' તો ફરમાવ્યું, 'મને એ પસંદ નથી કે હું તમારાથી અળગો રહું.' [ઝુરકાની, જિલ્દ-૪, પાનુ-૬]

મેહદવી બુઝુર્ગો પણ "ઈજમા"ના દિવસે દાયરા ના હુજરાઓનું સમારકામ, જંગલમાંથી લાકડા લાવવાં, પાણી ભરવું, ખાડા-ટેકરા સરખા કરવાં, સફાઈ કામ વિગેરે પ્રવૃતિઓ સમુહમાં કરતાં તથા સમુહ ભોજન લેતાં, કાળક્રમે તેનાં યાદ ચિહ્નો માત્ર બાકી રહ્યાં. જેમ કે, હજ્જ દરમ્યાન સફા-મરવાની દોડ, શૈતાનને કાંકરી મારવી, "હજરૂલ અસ્વદ"ને બોસા વિગેરે યાદગાર, ઐતિહાસિક બરકતી અમલ મહત્વનાં છે; બરાબર તે જ પ્રકારનો આ પણ "રૂહાની મુલ્યો"ની સાચવણી વિગેરે માટેનો જરૂરી અમલ છે.

"બહર-એ-આમ"ની "ઈજમા"માં સામાન્ય લાકડીની ફાચરમાં આટલો આદર અને શાન આવ્યા કયાંથી? કે જે "ઈજમા"ની દરેક વ્યકિત-

પછી તે પૈસાદાર કે ઉચ્ચ સરકારી અધિકારી જ કેમ ન હોય; સૌ કોઈ ઉલ્લાસભેર, ગૌરવપુર્વક માથે મુકી પોતાના મુર્શિદના ત્યાં લઈ જાય છે...! આ તો માત્ર સૈયદના મેહદી અલયહિસ્સલામના મુબારક નામનો ગર્વ અને મહિમા છે; જે લાકડી જોડે ખાસ સંબંધિત છે... જયારે "બહર-એ-આમ"ના નામે માથે લાકડી મુકી; તો તે લાકડી લાકડી ન રહી પણ "ફૈઝે મેહદી" લાકડી રૂપે જાહર થયો; જેને આપણે શ્રધ્ધાની આંખે જોઈને જ ઉપાડીએ છીએ. [સિરાજે મુનીર] તેથી જો સાચો અકીદો હોય તો જાહેરમાં લાકડી ઉપાડતાં ખોટી શરમ અનુભવાતી નથી.

બુઝુર્ગાને દિનના ઉર્સના આગલે દિવસે ઉજવાતી "બહર-એ-આમ" એ જ રીતે છે, જેમ કે "જુમ્મા"ની આગળ "જુમેરાત", "ઈદ"ના અગાઉ "અરફાનો દિન" [રીસાલા વડોદરા] તેમજ વળી, "શબે બરાત" શાબાનની પંદરમી રાત્રિ પહેલાં તારીખ ૧૩ અરફા તથા તારીખ ૧૪મી ના દિવસને પણ મહત્વ અપાય જ છે. આવા રૂહાની પ્રસંગોએ બે-ત્રણ દિવસ અગાઉથી જ "નૂરે ઇલાહી"ની અસામાન્ય વર્ષા થવા માંડે છે.

મુર્શિદના વરદ હસ્તે અપાતો "નારેઝા" એ મહદવિઓમાં વિશિષ્ટ શબ્દ વ્યંજના છે, જે "તબર્રુક" નો પર્યાય છે. ફારસી શબ્દ "નાનરેઝા" ઉપરથી ઉતરી આવેલો "નાનરેઝા" કે "નારેઝા" શબ્દ પ્રચલિત થયો, જેનો અર્થ "ચૂરેલા રોટલો" થાય છે. અગાઉના મેહદવી બુઝુર્ગો પાસે જયારે રોટલાનું પ્રમાણ ઓછું અને ફાંકાવાળાં ફકીરોની સંખ્યા વધુ હોય ત્યારે તે રોટલાને ચૂરીને થોડું-થોડું સૌને વહેચી દેતાં. મુર્શિદના હાથના તબર્રુકથી ભુખમાં કંઈક શાંતિ થતી. વખત જતાં બાફેલા અનાજ વિગેરે સાથે પણ તે જ શબ્દ જોડાઈ ગયો. [સિરાજે મુનીર]... વળી, ખાસ મુર્શિદે તૈયાર કરેલ "પસ ખુર્દા" નું મુકદ્દસ પાણી (ઉચ્છિષ્ઠ જળ)-જે લોબાનની મહેકવાળું પવિત્ર હોય છે, તે પણ મેહદવિઓની અનોખી વિશિષ્ટતા છે. જ્યારે રોટલા કે અનાજ પણ ન હોય ત્યારે માત્ર લોબાનની ખુશબૂવાળું પવિત્ર પાણી વહેંચી દેતા, તેથી પણ સૌને ભુખમાં રાહત થઈ જતી ! આ મુકદ્દસ "નારેઝા" અને "પસ ખુર્દા"ના

આધારે બુઝુર્ગોના જીવનની હૃદયની આ બે આંતર યાત્રા કરી, તે કઠીન પરિસ્થિતિઓને નજર સમક્ષ લાવી તે મહાન બુઝુર્ગાને દીન વિકટ સંજોગોમાં પણ અલ્લાહને, દીનો-ઈમાનને તથા પોતાના મુર્શિદને કેવી નિષ્ઠા અને મક્કમતાથી વળગી રહ્યા હતાં, તે સુક્ષ્મ પ્રતિતિમાંથી કંઇક બોધ આપણે ગ્રહણ કરવાનું છે. તે પછીના બુઝુર્ગોનાં જીવનમાંથી પણ કંઈક ને કંઈક સદગુણો તો મળી આવશે જ.

હઝરત અબુ હુરૈરા (રઝી.) ને યાદશક્તિની મુશ્કેલી હતી, ત્યારે અલ્લાહના રસૂલ (સ.અ.વ.)એ ફરમાવ્યું કે ‘પોતાની ચાદર પાથરો.’ તે પાથરી તો હુઝુર (સ.અ.વ.) પોતાના બેઉ હાથે ખોબાથી એ ચાદરમાં કંઈક નાખ્યું. ફરમાવ્યુ ‘હવે તેને સમેટી લો.’ હઝરત અબુહુરૈરા (રઝી.) એ તે પ્રમાણે કર્યું. ત્યાર પછી કોઈ વાત ભુલ્યાં નહીં. (હદીસ-સહીહ બુખારી, પારા-૧)

“વિલાયતે મુહમ્મદી” ના તબક્કે હઝરત રસૂલુલ્લાહ (સ.અ.વ.)ના ખાસમાંના ખાસ રૂહાની વારસ હઝરત મેહદી-એ-મૌઊદ અલ્લાહના ખાસ અને મુખ્ય ખલીફા (અ.સ.) એ સૌ પ્રથમવાર બહર-એ-આમ ઉમ્મુલ મોમિનીન બીબી ઇલાહદતી (રઝી.) ની કરી, જે પાછળથી માત્ર બરકત અને યાદગાર બની રહી. તેની તબ્દીલી સિલસિલાનાં મુર્શિદોની બહર-એ-આમોની શૃંખલા રૂપે થઈ. [સિરાજે મુનીર] તાત્પર્ય કે નબુવ્વતે મુહમ્મદીના તબક્કે અલ્લાહ પાકે જે ફૈજ ખાસ લોકોને જ મળવા નિર્ધાયું હતું; તે જ ફૈજ હઝરત મેહદી-એ-મૌઊદ જૌનપુરી (અ.સ.) નાં માધ્યમથી “વિલાયતે મુહમ્મદી” નાં તબક્કે આમ લોકો સુધી કડીબદ્ધ રીતે પહોંચતો થયો. આપણા ઉપર અલ્લાહનો આ ખાસ ફઝલ છે.

“બહર-એ-આમ” જોવામાં તે ટુંકો શબ્દ છે, પણ અર્થની દષ્ટિએ તેમાં ઘણી વિશાળતા રહેલી છે. મૂળ નામ “બહર-એ-ફૈઝે વિલાયત મુકૈયદ-એ-મુહમ્મદીયા બરા-એ-ખાસ વ આમ” માંથી પહેલો અને છેલ્લો શબ્દ લઈ લીધાં. જેમાં વચ્ચેના શબ્દો સમાઈ ગયાં... કેટલાક બુઝુર્ગોએ “બારે આમ”

કહયું. તેનો ભાવાર્થ પણ એ જ છે... મુર્શિદ પોતાના વરદ હસ્તે ફૈઝનાં દરબારમાં ઉપસ્થિત દરેક ને "ફૈઝયાબ" કરે છે. એ જ કારણે તેને "બહર-એ-આમ" કે "બારે આમ" કહે છે. [સિરાજેમુનીર]

"બહર-એ-આમ" બુઝુર્ગાને દીનના ઉર્સના આગલા દિવસે ઉજવાય છે. જેમ કે ઈસ્લામના અન્ય પંથમાં પણ તેમનાં અગાઉના બુઝુર્ગોના ઉર્સ પ્રસંગોના "સન્દલ", "ચિરાગો" વગેરે નામો પ્રચલિત છે, પરંતુ મેહદવિઓમાં તે શબ્દોના બદલે "બહર-એ-આમ" નો શબ્દ માન્ય છે. જેમાં દેખીતા લાભ ઉપરાંત રૂહાની શ્રેય પણ સામેલ છે. [નૂરે વિલાયત, ઉર્દુ પાક્ષિક, હૈદરાબાદ]

મેહદવિઓમાં "બહર-એ-આમ" કે "ઉર્સ" પ્રસંગે ધામધુમ, વાજિંત્રો, ખોટો સાજ-શણગાર, વિજળીના ઝાકઝમાળ, સંગીત સાથેની કવ્વાલીઓ, ભપકાદાર મેળાઓ કે જેમાં અનેક દુરાચારો પોષણ પામતી હોય–તેમાંનું કોઈ આડંબર હોતું નથી. ખુબ જ સાદાઈથી મુર્શિદના દાયરાની મસ્જિદમાં, હયાત મુર્શિદના સાંનિધ્યમાં ઉજવાય છે, અને તે પણ વિશિષ્ઠ અધિકૃત મુર્શિદની આગેવાની માં જ "બહર-એ-આમ"ના બીજા દિવસે ઘેર-ઘેર "નિયાઝ" વિગેરે કરી ઉર્સ ઉજવાય છે.

બહર-એ-આમ નો પ્રસંગ મેહદવિઓ માટે ઈદના તહેવાર સમાન છે. જેમ કે, પૈગમ્બર હઝરત ઈબ્રાહિમ અલયહિસ્સલામે આપેલ અદભુત કુરબાની મુસલમાનો માટે "ઈદે કુરબાની" બની ગઈ. છતાં હઝરત ઈબ્રાહીમ (અ.સ.) એ કરેલ અમલ કુરબાની અને પછીથી મુસલમાનો જે કંઈ રીતે કુરબાની આપતા આવ્યા છે. તેમાં ઘણો ફેર હોવા છતાં "કુરબાની" મહત્વની જરૂરી છે, તે જ રીતે મેહદવિઓ માટે "બહર-એ-આમ"નો પ્રસંગ મહત્વનો છે અને તે ખુશીનો પર્વ છે.

ફૈઝના દરબારમાં "બહર-એ-આમ" પ્રસંગે વિના રોક-ટોકે સૌ કોઈ માટે ફકીર કે કાસિબ, સાક્ષર કે નિરક્ષર, ધનવાન કે ગરીબ, સ્ત્રી કે પુરૂષ, યુવા વર્ગ કે વૃધગણ-દરેક માટે ફૈઝના દ્વાર ખુલ્લાં હોય છે. શરત છે તો

એટલી જ કે હ્રદય, વાણી અને વર્તનમાં "ઈખલાસ" અને "અકીદત" હોય અને તે જ વાસ્તવમાં ખાલી દામન ફૈઝથી ભરપુર થઈ શકે.

ભાઈ, "બહર-એ-આમ"માં જે ફૈઝનો "નાનરેઝા" તક્સીમ થાય છે, તે જે બુઝુર્ગની "બહર-એ-આમ" છે; તેમનો ફૈઝ જ તકસીમ થાય છે. જે લોકો "બહર-એ-આમ"માં શરીક થાય છે તેમના ઉપર તે બુઝુર્ગોની એક "પ્રેમની નજર" પડી ગઈ તો બેડો પાર છે, અને તે નજર હાસિલ કરવા માટે જ આવા પ્રસંગો ઉપર હાજર રહેવું જરૂરી છે."

## – આટલું કરીએ –

બનતાં સુધી અચુક દરેકે-દરેક ઈજમા, બહર-એ-આમમાં હાજર રહીને વિલાયતે મુહમ્મદીની નેઅમતો મેળવીએ, જેથી બુઝુર્ગાને દીનની મુહબ્બત દિલમાં પૈદા થઈ જાય, તો તેમના દિલમાં જે "નૂરે ઈમાન" અને "ઈશ્કે ઈલાહી" હતાં, તેમાંથી આપણાં દિલમાં પણ કંઈક સંક્રમણ પામે, એટલે કે કોઈને કોઈ બહર-એ-આમ ની કોઈક "ક્ષણે" નસીબ મુજબ ફુલ નહીં તો "ફુલની પાંખડી"ના ન્યાયે કંઈક મળી રહેશે. એ શ્રધ્ધાથી ખુદા પ્રાપ્તિનો માર્ગ સરળ બની શકે.

યોગ્ય એ છે કે નવાં કે સ્વચ્છ કપડાં પહેરીને ખુશી જાહેર કરતા "બહર-એ-આમ"માં જઈએ. કેમ કે "ફૈઝે મેહદી" જેવી અમૂલ્ય વસ્તુ લેવા જઈ રહ્યા છીએ.

કુરઆને કરીમને અલ્લાહ અને રસૂલ (સ.અ.સ.) સાથે ખાસ સંબંધ છે, જેમ કુરઆને પાકને વુઝુ વિના સ્પર્શ કરતા નથી, તે જ રીતે "બહર-એ-આમ" ની ઈજમા માં પણ વુઝુ સાથે હાજર થઈએ. વુઝુ સહિત લાકડી ઉપાડીએ, વુઝુની હાલતમાં જ "નારેઝા" તથા "પસખુર્દા" લઈએ અને બધા જ અરકાનો દરમ્યાન પોતાના મુર્શિદે બતાવેલ "મુશાહેદા" પ્રમાણે શ્વાસોચ્છવાસ સાથે ઝિક્રુલ્લાહમાં રહેવું જોઈએ.

જેમ નમાઝ માટે "તહારત" જરૂરી છે, તેમ "ફૈઝે મેહદી"ની પ્રાપ્તિ માટે પણ બાહ્ય પવિત્રતા જરૂરી છે. એ જ બાહ્ય પવિત્રતા આંતરીક (બાતિની) પવિત્રતાનો માર્ગ ખોલી આપે છે. જેની બરકતથી "ફૈઝે મેહદી" સરળતાથી પ્રાપ્ત થાય છે.

રાત્રે "બહર-એ-આમ"ની મજલીસમાં ઈશાની નમાઝ જમાઅત સાથે અદા કરવાની પાકી તૈયારી સાથે જઈએ; એ મહાન ફર્ઝને અવગણી વ્યર્થ બહાર કે અન્ય ઠેકાણે બેસી ન રહીએ અને આ પવિત્ર પ્રસંગે નમાઝ પછી બહર-એ-આમ પ્રસંગના બુઝુર્ગનાં વસીલા થી નમાઝ, રોઝા વિગેરે દીની પાબંદી માટે આજીઝી પુર્વક સાચા દિલે દુઆઓ ગુઝારવા માટેની અમૂલ્ય તક જતી ન કરીએ અને ગજા મુજબ પ્રયત્ન પણ તે દિશામાં આદરીએ. આ પ્રસંગોએ મહિલાઓ પણ બા-જમાઅત નમાઝ અદા કરે, મસ્જિદમાં તેમના માટે પણ યોગ્ય વ્યવસ્થા હોય છે. વળી, નારેઝા-પસખુર્દાને " રૂહાની રોગ"ના ઈલાજ સમાન યકીન રાખી લઈએ. કેમકે, એ રોગ મટશે તો દીની પાબંદી આવશે અને કંઈકને કંઈક "રૂહાની આનંદ" સાથે જીવન જીવાશે. તેમજ જીવનના મુખ્ય રૂહાની ધ્યેયનો માર્ગ સરળ બનશે.

જો ખાસ મજબુરીના સંજોગો ન હોય તે નારેઝા લેતી વખતે તારિકુદુનિયા ફકીરો તથા પોતાનાથી મોટી ઉંમરવાળાઓ નો ખ્યાલ રાખી દરજ્જા, વયક્રમ તેમજ વિનયપુર્વક નારેઝા લઈએ. વડીલો પહેલાં કયારેય નારેઝા ન લઈએ. વળી, નારેઝાનો એક પણ દાણો કે પસખુર્દાના પવિત્ર પાણીની એક પણ બુંદ તો કદી પણ જમીન ઉપર પડવા ન દઈએ. એ "ફૈઝ મેહદી"ની ખુબ જ અદબ જાળવીએ, કેમ કે, બાતિની રીતે જોઈએ તે એ વાસ્તવમાં "બહર-એ-ઈમાન" (યાને કે ઈમાનનો હિસ્સો ) છે, જે આપણા ભાગે આવ્યો છે.

અનિવાર્ય કારણ વગર જ " બહર-એ-આમ" ની મજલિસ બરખાસ્ત (વિસર્જન) થયા પહેલાં ચાલતા થવું કે રાતની બહર-એ-આમ માં "તસ્બીહ" થયા પહેલાં મજલિસ છોડી જવી એ "બહર-એ-આમ" તથા

"તસ્બીહ"નું અપમાન છે. તેમજ બહર-એ-આમ ને પીઠ દઈને બહારગામ જવામાં બુઝુર્ગાને દીન નુકસાનની શક્યતા જોતા હતા.

બયાન, સંબોધન કે વાંચન ચાલતું હોય તે વખતે દરેક પ્રકારની વાતો બંધ કરી, મૌન પૂર્વક એકાગ્ર થઈ સાંભળીએ. દીની રીતે પણ મસ્જિદમાં બીન જરૂરી તથા દુનિયાદારી ની વાતો કરવાથી આદાબે મસ્જિદના વિરૂદ્ધ થાય છે. ખરી રીત એ છે કે મજલીસના વિસર્જન સુધીની "મુસ્તહબ-એ'તિકાફ" ની નિય્યત બાંધી લઈએ, જેથી દરેકે-દરેક રીતે મસ્જિદનું અદબ જળવાય અને વળી એ'તિકાફનો વિશેષ સવાબ પણ મળે જ.

"બહર-એ-આમ"ની પવિત્ર મજલીસના વાતાવરણમાં વાદ-વિવાદ, દલીલબાજી, તેજાબી ચર્ચા, પ્રત્યક્ષ કે પરોક્ષ કટાક્ષ, ટીકા, નિંદા, કુથલી વિગેરે તેમજ દીની લાગણી દુભાય તેવા કોઈ પણ પ્રકારના વિચાર-વાણી-વર્તન સહેજ પણ ઈચ્છનીય હોય જ નહીં.

"બેહર-એ-આમ" ની, દીની ફૈઝ ની કે મુર્શિદનું-જો અદબ જાળવવામાં ન આવે તો મળેલ ફૈઝ એવી રીતે ચાલ્યો જાય છે, જેમકે અકસ્માતથી કોઈ યંત્ર કે કોમ્પ્યુટર ખોટકાઈ પડે ! હઝરત મેહદિયે મૌઊદ (અ.સ.) ફરમાવે છે કે, 'જે વ્યકિત બેઅદબ, બેશરમ તેમજ અપ્રમાણીક છે તે ખુદા-એ-તઆલા ને કદી પણ નહીં પામી શકે.' એટલા માટે જ આચારસિંહતાનુ પાલન જરૂરી છે. જો કે સામાન્ય રીતે આ કઈ માત્ર નર્યો કાયદો નથી, પણ હકીકતમાં સૌજન્ય સંસ્કાર છે, અખ્લાકી ફર્ઝ છે, તે ગુમાવ્યું તો જાણે સર્વસ્વ ગુમાવી દીધું !

ટુંકમાં, શરીઅતે મુહમ્મદી (સ.અ.વ.) અને તરીકતે મેહદી (અ.સ.) મુજબ દર્શાવેલ મહત્વની તમામ બાબતેનું સંપૂર્ણ ખ્યાલ રાખીએ તો જ અસરકારક પ્રાપ્તિ થઈ શકે.

બાળકને ગાલે ચૂમો, "ચૂમી" માં જે હેત છુપાયેલો છે તેને બાળક સમજી ન શકે. અલબત્તા, હેતનું પ્રતિબિંબ તેના હ્રદયનાં કેમેરામાં ઝીલાય છે

અને હર્ષનાદે "આગૂં આગૂં" નું સ્વર ગુંજન કરવા માંડે છે...આ ઉદાહરણમાં "ચૂમી આપનાર" તે " બહર-એ-આમ" પ્રસંગના બુઝુર્ગ છે. હેતના પ્રતિબિંબ ને નારેઝા આપનાર મુર્શિદ ધારો, તેમજ નારેઝા અર્થાત "ફૈઝે વિલાયત" લેનાર હસતું બાળક સમજો. [સિરાજેમુનીર]

ધારો કે, વર્ષાઋતુ શરૂ થઈ છે. પ્રથમ ઝાપટા પછી ત્રણ-ચાર દિવસે જોયું કે તલનો છોડ આપણાં ઘરને આંગણે ઉગી નિકળ્યું છે, તેને જોતાં જ સાંભરી આવ્યું કે શરદઋતુમાં તલના દાણામાં સાકર મેળવીને ખાધાં હતાં. તેમાંથી ઢળી ગયેલ એક દાણો પૂરાં આઠ માસે જમીનમાં થી ઉગી નિકળ્યું, એ જ રીતે કે "ફૈઝે મેહદી (અ.સ.)" યા "ફૈઝે સહાબા (રઝી.)" યા આપણાં સિલસિલાનાં બુઝુર્ગોનાં ફૈઝનાં "બી" કે જે "બહર-એ-આમ" ના નારેઝા રૂપે આપણી હ્રદય ભૂમી માં એટલા ઉંડા વાવ્યાં છે કે આજે નહીં તો બે, પાંચ-દસ વર્ષે નહીં તો છેવટે મૃત્યુ ની અંતિમ પળે તો અવશ્ય ઉગી નીકળશે અને આપણે તેનું અમૃતફળ ખાઈને અમર થઈશું જ. [સિરાજેમુનીર]

---

[-પી. મુ. હ. સૈયદના ઈનાયતુલ્લાહમિયાં સા. રેહ. પાલનપુરના એક પત્રમાથી]

રજુકર્તા : હઝરત સૈયદ ગાઝીમિયાં સાહેબ - પાલનપુર

---